# નર્મદ યુનિ.ની એકેડેમિક કાઉન્સિલે રામ જન્મભૂમિ ઈતિહાસના કોર્સને મંજૂરી આપી

**રામમંદિરનો** પાંચ હજાર વર્ષનો ઈતિહાસ ભણવા રૂ.1100 ફી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિત અન્ય કોર્સને પણ મંજૂરી

### ફોરેન લેંગ્વેજના અભ્યાસક્રમની ફી 10 હજાર નક્કી કરવામાં આવી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં સૂચનને પગલે યુનિવર્સિટીએ શરૂ કરેલા ફોરેન લેંગ્વેજીસનાં અભ્યાસક્રમોનું ફી માળખું એકેડમીક કાઉન્સિલ દ્વારા નક્કી કરાયું છે. જેમાં ફોરેન લેંગ્વેજમાં જર્મન, સ્પેનિસ, ફ્રેન્ચ તેમજ રશિયન ભાષાનાં સર્ટિફિકેટ કોર્સની ફી 10 હજાર રૂપિયા નક્કી કરવામાં આવી છે.

સુરતઃ અયોધ્યામાં 5 હજાર વર્ષ પછી રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા થવા જઇ રહી છે, આ પાંચ હજાર વર્ષનાં ઇતિહાસની જાણકારી મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ, જાગૃત વ્યક્તિઓ માટે સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ શ્રી રામ જન્મભૂમિ ઇતિહાસનો સર્ટિફીકેટ કોર્સ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત સમયની જરૂરીયાતને ધ્યાનમાં રાખી આર્ટિફિશ્યલ ઇન્ટેલિજેન્સી (એ.આઇ)નો પણ સર્ટિફીકેટ કોર્સ એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં ધ્યાનાર્કષક રહ્યો છે.

યુનિ.ની એકેડેમીક કાઉન્સિલની બેઠકમાં હિન્દુ સ્ટડીઝ ડીપાર્ટમેન્ટમાં શ્રી રામ જન્મભૂમિ ઇતિહાસનો સર્ટિફીકેટ કોર્સ શરૂ કરવામાં આવશે. જેમાં 30 કલાકનાં સર્ટીફિકેટ કોર્સમાં વિદ્યાર્થીઓને 5 હજાર વર્ષનાં ઇતિહાસમાં રામ ભગવાનનાં જન્મથી લઇ, મંદિરનાં સુપ્રીમ કોર્ટનાં ચુકાદા અને મંદિરની રચના સહિતની તમામ બાબતોને આવરી લેવામાં આવી છે. માત્ર 1100 રૂપિયાની ફીમાં આ સર્ટિફીકેટ કોર્સમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાય તેવી શકયતા છે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજેન્સી (એ.આઇ)નો કોર્ષ, તેમજ અન્ય સર્ટીફીકેટ કોર્સને પણ મંજુરી આપવામાં આવી છે.

બેઠકમાં એલએલબીનાં વિદ્યાર્થીઓની ઓનલાઇન લેવામાં આવેલી પરીક્ષા અને તેના મૂલ્યાંકનમાં ઉદ્ભવેલી સમસ્યાને ઉકેલતા ઉદાહરણ સ્વરૂપ ન ગણી વિદ્યાર્થીઓનાં સુધારવા પાત્ર માર્કસને ધ્યાનમાં રાખી પરિણામ જાહેર કરવાનું નક્કી કરાયું હતું. વર્ષ 2024-25 માટે કોલેજોનાં જોડાણની પ્રક્રિયાઓ પણ શરૂ કરી દેવામાં આવી હતી.

# ખાંડ પેકિંગમાં શણની બેગના ઉપયોગથી ખેડૂતો ઉપર 19.26 કરોડનો બોજો વધશે

**પ્રદેશ** કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી

સુરત, બારડોલી, સાયણઃ ૫.૫૦ લાખ જેટલા કર્મચારીઓને રોજગારી પૂરી પાડતી સુગર ફેક્ટરીઓમાં ખાંડ બેગિંગમાં વપરાતી પી.પી. બેગમાં સરકાર દ્વારા ૨૦ ટકા શણની બેગ વાપરવાના કરવામાં આવેલા આદેશથી સંસ્થાઓ ઉપર બેગિંગ ખર્ચ વધશે. જેની અસર ખેડૂતો ઉપર પડવાની શક્યતાઓને લઈને શણ બેગ અંગેના આદેશ ઉપર ફેરવિચારણા કરવા મામલે કેન્દ્રના સહકાર મંત્રી અમિત શાહ, રાજ્યના મુખ્યમંત્રી સહિતનાને લેખિત રજૂઆત ખેડૂત આગેવાન દર્શન નાયક દ્વારા કરવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગૃહ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા સુગર ફેક્ટરીઓમાં ખાંડના બેગિંગ માટે વપરાતી પી.પી. બેગ જેના માટે કોઈ ખેડૂત કે સંસ્થા તરફથી ફરિયાદ નથી. છતાં બેગિંગમાં ૨૦ ટકા શણ બેગ વાપરવા માટે સરકાર દ્વારા ખાંડ ઉદ્યોગ સહકારી સંઘને પરિપત્ર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે.

સહકારી ખેડૂત આગેવાન દર્શન નાયક દ્વારા કરાયેલ રજૂઆતમાં સરકારના નિયમ અંતર્ગત પી.પી બેગનો વપરાશ થાય છે. આ બેગની ગુણવત્તા અંગે કોઈ ફરિયાદ નથી બેગનો બજાર ભાવ આશરે ૧૮.૫૦ રૂપિયા છે.

સામે શણની બેગનો બજારભાવ ૭૨.૫૦ જેટલો છે એટલે કે સીધો ૫૩.૫૦ રૂપિયા વધી જાય તેમ છે. શણની બેગનો ઉપયોગ કરવામાં આવે તો ૯૦ લાખ ક્વિન્ટલ ખાંડ ઉત્પાદનના બેગિંગમાં ૩૬ લાખ બેગની જરૂરિયાત થાય અને આ બેગમાં સરેરાશ કુલ ખર્ચની ગણતરી કરવામાં આવે તો ૧૯.૨૬ કરોડ રૂપિયાનો ખર્ચ સંસ્થા તથા ખેડૂતોના માથે વધારાનો આવશે. સામે શણનું ઉત્પાદન આપણા દેશમાં ઓછું થાય છે.

રો-મટિરિયલ બહારના દેશોમાંથી મંગાવવાનું હોય તો સરકારના પરિપત્રનો અમલ કરાવતા પહેલાં સરકાર દ્વારા ચોક્કસ પ્રકારનું આયોજન કર્યા પછી જ ખાંડ ઉદ્યોગ સંઘ સહકારી મંડળીઓને અમલ કરવા માટેનો આદેશ આપવામાં આવે. હાલમાં આ પરિપત્ર તાત્કાલિક અસરથી ખાંડ ઉદ્યોગ સંઘ સુગરમાં અમલીકરણ માટે મુલતવી રાખવામાં આવે એવી શેરડી પકવતા લાખો ખેડૂતો વતી ખેડૂત આગેવાન અને પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ અને ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરવામાં આવી છે.

# વરાછાથી ઈન્ડિયા ક્રિકેટ ટીમની એડિડાસની 10.63 લાખની ડુપ્લિકેટ ટી-શર્ટ્સ ઝડપાઈ

**એડિડાસ** બ્રાન્ડના હેઈંગ ટેગ, કેર તેમજ સિક્યુરિટી લેબલના માર્કા સાથે 1396 ટી-શર્ટ્સ વેચાણ માટે લવાઈ હતી, દુકાનદારની ધરપકડ

સુરતઃ મોટા વરાછા લજામણી ચોક પાસે બિઝનેસ હબ શોપીંગ સેન્ટરમાં સ્પોર્ટ સોલ્યુશન ઈન. હેલો ફ્રેન્સ ઈન ક્સમરી ઈન્ડીયા ડોટ કોમ નામની દુકાનમાં ઍડીડાસ કંપનીના માર્કાવાળી ઈન્ડીયા ક્રિકેટ ટીમની ડુપ્લીકેટ બ્રાન્ડનો ટી-શર્ટનો જથ્થો પકડાયો છે. ઉત્રાણ પોલીસે 10.63 લાખનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

ઉત્રાણ પોલીસની ટીમને મોટા વરાછા લજામણી ચોક ઓપેરા બિઝનેસ હબ શોપિંગ સેન્ટરમાં સ્પોર્ટ સોલ્યુશન ઈન. હેલો ફ્રેન્સ ઈન ક્સમરી ઈન્ડીયા ડોટ કોમ નામની દુકાનમાં બ્રાન્ડેડ સુઝ અને કપડાની ડુપ્લીકેટ બ્રાન્ડ વેચાતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે દુકાનમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમ્યાન દુકાન માલિક શ્યામ પ્રણવ ચભાડીયા (ઉ,વ,૨૪,રહે, ભાસ્કર બિલ્ડિંગ સરથાણા જકાતનાકા)એ પોતાના ગોડાઉનમાં લેજીસ કંપની ઍડીડાસ ટી-શર્ટ બ્રાન્ડસ કંપનીનું ઓથોરાઈઝ ડીલરશીપ પ્રમાણપત્ર વગર એડીડાસ કંપનીના માર્કાવાળી ઈન્ડીયા ક્રિકેટ ટીમની ટી-શર્ટ બ્રાન્ડ્સના અલગ અલગ પ્લાસ્ટીકના પેકિંગમાં કંપનીના ડુપ્લીકેટ હેઈંગ ટેગ, કેર લેબલના, સિક્યુરીટી લેબલ માર્કાવાળા વેચાણ માટે રાખેલા ડુપ્લીકેટ માર્કાવાળી રૂ. 10.63 લાખની કિંમતના 1396 ટી -શર્ટ મળી આવ્યા હતા.

પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી રાધે શ્યામ શ્રી જયરામ યાદવ (ઉ.વ.૪૨.ધંધો નોકરી. રહે, સરસ્વતી કોલોની સેહતપુર ફરીદાબાદ હરીયાણા)ની ફરિયાદ લઈ શ્યામ પ્રણવ ચભાડીયાની કોપી રાઈટ ઍક્ટ મુજબ ધરપકડ કરી હતી.

# સેક્સ સિમેન્સ દ્વારા જ ઝડપી પશુ ઓલાદ સુધારણા કરી વધુ દૂધ ઉત્પાદન મેળવી શકાય

**2014માં** સુમુલ ડેરી પશુપાલકોને 1000 કરોડ ચૂકવતી હતી, જે હવે 2024માં 3200 કરોડ ચૂકવતી થઇ : જયેશ પટેલ



સુરતઃ પશુપાલન ખાતુ (ગુજરાત રાજ્ય) પશુપાલન ખાતુ સુરત જિલ્લા પંચાયત પશુપાલન દવાખાનું ઓલપાડ અને શ્રી કોબા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના સહયોગથી પશુ શિબિર તાલીમ કમ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

ઓલપાડ તાલુકાના ખેડૂત અને સહકારી આગેવાન, સુમુલ ડેરીમાં ઓલપાડ તાલુકાનું સુકાન સંભાળતા બોર્ડ ડાયરેક્ટર જયેશભાઈ એન પટેલ (દેલાડ) એ જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર પશુપાલક તથા ખેડૂતની આવક બમણી કરવાની જ્યારે વાત કરતા હોય ત્યારે 2014માં સુમુલ ડેરી પશુપાલકોને 1000 કરોડ ચૂકવતી હતી, જે હાલ 2024માં 3200 કરોડ ચૂકવતી થઈ છે. સુમુલ ગોવા જેવી સિટીમાં રોજનું 1 લાખ લીટર દૂધ વેચે છે. ત્યાર બાદ કેન્દ્ર સરકાર દ્વારા રસાયણિક ખાતરમાં જે સબસિડી 2.50 લાખ કરોડ આપવામાં આવે છે. સુમુલ ડેરીના વેટેર્નરી ડૉ એચ કે પટેલએ પશુની માવજત, પશુ સારવાર, પશુ સંવર્ધનના વિષય પર ઉંડાણપૂર્વકની તથા લીલા ઘાસચારા, સૂકા ઘાસચારા લીલાઘાસ ચારાના બિયારણો તથા પાડી વાછરડી ઉછેર સોયાબીન મસૂરૂમ, ઘઉંનું ગોટર તથા સેક્સ સિમેન્સ એટલે કે ભેંસ અથવા ગાયને મુકવામાં આવે તો પાડી કે વાછરડી જ આવે એ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી.

# રામમંદિરના નિર્માણનો વડાપ્રધાન મોદીનો વર્ષો જૂનો સંકલ્પ કાલે સાકાર થશેઃ સી.આર.પાટીલ

**માંગરોળ** ખાતે 'માતા શબરી યાત્રા'નું સી.આર. પાટીલ, પ્રભુ વસાવા, ગણપત વસાવા અને રાજુ પાઠકે પ્રસ્થાન કરાવ્યું



સુરતઃ ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ અને સાંસદ સીઆર.પાટિલે માંગરોળ ખાતે જણાવ્યું હતું કે, આવતીકાલે અયોધ્યામાં રામમંદિરમાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે, એને લઈને દેશભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આવતીકાલે ૨૨/૦૧/૨૦૨૪ના રોજ રામ જન્મભૂમિ આયોધ્યા ખાતે રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા થવા જઈ રહી છે, ત્યારે આજે માંગરોળ ખાતે 'માતા શબરી યાત્રા'નું પ્રસ્થાન કરાવતા ખૂબ જ ધન્યતાની લાગણી અનુભવું છું.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌને સાથે રાખી રામ મંદિરનું સ્વપ્ન સાકાર કર્યું છે, સમગ્ર દેશવતી એમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ યાત્રામાં ઉપસ્થિત હજારો રામ ભક્તોની ભક્તિને વંદન પાઠવું છું. પાટિલે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વર્ષો પહેલા અયોધ્યા ગયા હતા, ત્યારે રામ લલ્લાને તંબુમાં બિરાજીત જોઈ એમની આંખો ભીની થઈ ગઈ હતી. ભીની આંખે "રામ મંદિર"નાં નિર્માણનો એમણે સંકલ્પ કર્યો હતો. સોમવારે પ્રધાનમંત્રીનો વર્ષો પહેલાનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. પ્રધાનમંત્રી અનુષ્ઠાન પર છે અને દેશભરનાં એવા મંદિરોનાં દર્શન કરી રહ્યા છે, જે પ્રભુ શ્રી રામનાં વિવિધ પ્રસંગો-માન્યતાઓ સાથે જોડાયેલા હોય. આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવા, માજી મંત્રી અને ધારાસભ્ય ગણપત વસાવા સુમુલ ડેરીના વાઈસ ચેરમેન રાજુભાઈ પાઠક, જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ સહિત હોદ્દેદારો, ધારાસભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝઘડિયાના વડિયા પાસે ટ્રેક્ટર પલટી ખાતાં 3 શ્રદ્ધાળુનાં મોત, ૨૩ ઘાયલ

**વડિયા** મંદિરે દર્શન બાદ ટ્રેક્ટરમાં બેસી ઉમલ્લા દુ.વાઘપુરા પરત ફરતી વેળા ગોઝારી ઘટના બની



ઝઘડિયાઃ ઝઘડિયાના ઉમલ્લાથી પાણેથા રોડ પર વડિયા નજીક એક ટ્રેક્ટર પલટી ખાતાં એક મહિલા સહિત ત્રણ શ્રદ્ધાળુનાં મોત નીપજતાં માતમ છવાઈ ગયો હતો. મંદિરે દર્શન કરીને પરત જતાં શ્રદ્ધાળુનું ટ્રેક્ટર પલટી ખાતાની સાથે તેમાં નીચે દબાતાં ૨૩ લોકોને ઈજા પહોંચી હતી.

ઉમલ્લા દુ.વાઘપુરાના આ લોકો પગપાળા વડિયા ખાતે આવેલા મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કર્યા બાદ પરત ફરતી વખતે શ્રદ્ધાળુઓ ટ્રેક્ટરમાં બેસીને પરત ફરતા હતા. મોતને ભેટેલા ત્રણ જણાને સ્વપ્નેય ખબર ન હતી કે આ મંદિરનાં દર્શન છેલ્લાં હશે. ટ્રેક્ટરમાં થોડે દૂર જતાં અચાનક પલટી ખાઈ જતાં ટ્રેલરમાં બેઠેલા લોકો દબાઈ ગયા હતા. પલટી મારેલા ટ્રેક્ટર નીચેથી ભારે જહેમત બાદ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં બચુભાઇ ભુરાભાઇ વસાવા (ઉં.વ.૭૦), હરેશ રમેશભાઈ મુંગરા (ઉં.વ.૧૮) તેમજ કાજલબેન સુનીલભાઇ વસાવા (ઉં.વ.૨૬) (તમામ રહે.,ચંદનીયા, દુ.વાઘપુરા (ઉમલ્લા), તા.ઝઘડિયા)એ જીવ ગુમાવ્યો હતો. આ ગોઝારી ઘટના અંગે જાણ થતાં ઉમલ્લા પોલીસ તેમજ ઉમલ્લાના કેટલાક લોકો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે અન્ય ૨૩ શ્રદ્ધાળુ ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ઉમલ્લા સરકારી દવાખાને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. વધુ સારવાર માટે ત્રણ ઈજાગ્રસ્તને રાજપીપળા લઇ જવાયા હતા.

# ટેક્નિકલ ટેક્સટાઇલ માટે 103 કરોડના મૂલ્યના 11 R&D પ્રોજેક્ટને કેન્દ્રની મંજૂરી

**103** કરોડ રૂપિયા ભારતને ટેક્નિકલ ટેક્સટાઈલના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા માટે ઉપયોગમાં લેવાશે

**ટેક્સટાઈલ** મંત્રીએ રાષ્ટ્રીય ટેક્નિકલ ટેક્સટાઈલ મિશનના વિવિધ ઘટકોની પ્રગતિની સમીક્ષા કરી

સુરત : કેન્દ્રીય કાપડ, વાણિજ્ય અને ઉદ્યોગ અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પીયૂષ ગોયલે, નેશનલ ટેક્નિકલ ટેક્સટાઈલ મિશન (NTTM) ના મિશન સ્ટિયરિંગ ગ્રુપ (MSG) ની 8મી મિટિંગની અધ્યક્ષતામાં, વૃદ્ધિની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ટેક્નિકલ ટેક્સટાઈલ ઉત્પાદનોના સ્વદેશી વિકાસને વધારવા માટે કાપડ મંત્રાલયે 11 પ્રોજેક્ટ દરખાસ્તોને મંજૂરી આપી હતી, જેમાં 9 R&D પ્રોજેક્ટ, 1 પ્રોજેક્ટ મશીન ડેવલપમેન્ટ અને 1 ઇક્વિપમેન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. કુલ 103 કરોડ રૂપિયા ભારતને ટેક્નિકલ ટેક્સટાઈલના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે. હાઈ ક્વોલિટી કાર્બન ફાઈબરના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરાયેલા પ્રોજેક્ટ્સમાં 1, પ્રોટેકના 2 પ્રોજેક્ટ, 2 મેડિટેક, 2 મોબિલટેક, 1 બિલ્ડટેક, 2 સ્માર્ટ ટેક્સટાઈલ અને 1 ટકાઉ ટેક્સટાઈલ પ્રોજેક્ટ સહિત ટેક્નિકલ ટેક્સટાઈલના વિવિધ એપ્લિકેશન ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે.

મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં, સંશોધન પ્રોજેક્ટ્સ CSIR-NAL, ATIRA, NITRA, IIT દિલ્હી, ICT-મુંબઈ, NIT-જાલંધર, Colorjet India Ltd. સહિતની સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા સંચાલિત રહેશે.

કેન્દ્રીય ઉદ્યોગ અને ટેક્સટાઈલ મંત્રીએ રાષ્ટ્રીય ટેક્નિકલ ટેક્સટાઈલ મિશનના વિવિધ ઘટકોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

જેમાં મંજૂર R&D ઉત્પાદનોની સમીક્ષા, ભારતમાં ટેક્નિકલ ટેક્સટાઈલ એજ્યુકેશનમાં શૈક્ષણિક સંસ્થાઓને સક્ષમ કરવા માટેની સામાન્ય માર્ગદર્શિકા હેઠળ અરજીઓની સ્થિતિ (રાઉન્ડ-II), ગુણવત્તા નિયંત્રણ આદેશોના અમલીકરણનો સમાવેશ થાય છે.

# સબસિડીયુક્ત યુરિયા વાપરનારા પાંડેસરાના અમીન સિલ્ક મિલ્સના સંચાલકો વરુણીમાં

**ખેતી** નિયામકની ટીમની તપાસમાં 50 કિલોગ્રામની 46 બેગ મળી હતી, મિલના ડિરેક્ટર્સ, મેનેજર સહિત સાત વિરુદ્ધ ગુનો નોંધાયો

સુરતઃ પાંડેસરા ખાતે અમીન સિલ્ક મિલ્સ પ્રા.લી. નામની ડાઈંગ મિલમાં તપાસ કરતા યુરિયાનો ઔદ્યોગિક વપરાશ જણાયો હતો. ખેતીનિયામક દ્વારા પાંડેસરા પોલીસ સ્ટેશનમાં મિલના ડિરેક્ટરો સહિત સાત સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

નાયબ ખેતી નિયામક વિશાલ કોરાટ અને તેમની ટીમે ગત 12 જાન્યુઆરીએ પાંડેસરા જીઆઈડીસીમાં આનેવા ઔદ્યોગિક એકમોમાં નીમકોટેડ યુરિયાનો વપરાશ કરાય છે કે કેમ તેની તપાસ કરવા નીકળ્યા હતા. ત્યારે જીઆઈડીસામાં પ્લોટ નંબર 83, 84, 85માં કાર્યરત અમીન સિલ્ક મિલ્સ પ્રા.લી. નામની ડાઈંગ મિલમાં તપાસ કરાઈ, ત્યારે મિલના ડાયરેક્ટરો ઈકબાલ કુંડા, ઈલ્યાસ હાજી ઈબ્રાહીમ કુંડા, ઉમર ઈકબાલ કુંડા અને યુસુફ કુંડા તથા મિલનો મેનેજર અને સપ્લાય કરનાર ભેગા મળીને ખેતીના પાકોના ઉત્પાદન માટે વરરાતા આ સબસિડીયુક્ત નીમકોટેડ યુરીયાનો વપરાશ કરતા મળી આવ્યા હતા.

મિલમાં 50 કિગ્રામની 46 બેગ આશરે 13,616 રૂપિયાનો યુરિયા ઔદ્યોગિક વપરાશ કરતા હોવાનું મળી આવ્યું હતું. પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અમીન સિલ્ક મિલ્સ પ્રા. લી., ઈકબાલ કુંડા, ઈલ્યાસ હાજી ઈબ્રાહીમ કુંડા, ઉમર ઈકબાલ કુંડા, યુસુફ ઈલિયાસ કુંડા, શાહીદ એ રાસીદ પટેલ અને એક અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

## ૨૨મીએ સ્લોટર હાઉસ-કતલખાના બંધ રાખવા રાજ્ય સરકારનો અનુરોધ

ગાંધીનગરઃ એક તરફ રાજ્યમાં રામ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને પગલે ઠેર ઠેર મંદિરો તથા નગરો અને મહાનગરોમાં ઉજવણી, પૂજા, મહાઆરતીનું આોજન કરાયેલું છે, ત્યારે હવે આગામી તા. ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનારા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને અનુલક્ષીને રાજ્યના નગરપાલિકા-મહાનગરપાલિકા વિસ્તારોમાં કતલખાના-સ્લોટર હાઉસ બંધ રાખવા રાજ્ય સરકારે અનુરોધ કર્યો છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે મહાનગરપાલિકાના કમિશનરોને તેમજ નગરપાલિકા એડમિનિસ્ટ્રેશનના કમિશનરને આ અંગે પત્ર પાઠવીને તેમના સંબંધિત વિસ્તારોમાં કતલખાના-સ્લોટર હાઉસ બંધ રહે તેની કાળજી લેવા સૂચનાઓ આપી છે. આ સંદર્ભમાં જે તે શહેરો તેમજ નગરોમાં પણ કતલખાના બંધ રાખવા માટે સૂચના આપવી શરૂ કરી દેવામાં આવી છે.

# નલિયામાં હાડ થીજાવતી 8 ડિગ્રી ઠંડી, સમગ્ર ગુજરાત ઠંડીની આગોશમાં

**ઉત્તર** ભારતની અસર હેઠળ ગુજરાતના મોટા ભાગનાં શહેરોમાં તાપમાન 15 ડિગ્રીથી નીચે



ગાંધીનગરઃ ઉત્તર ભારતના પગલે ગુજરાતમાં પણ ગાત્રો થીજાવતી ઠંડી પડી રહી છે. શીત લહેરની અસર સાથે વહેલી સવારે ગાઢ ધુમ્મસ પણ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને કચ્છ, ઉત્તર ગુજરાતમાં પણ કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

કચ્છના નલિયામાં આજે 8 ડિગ્રી કાતિલ ઠંડી અનુભવાઈ હતી. હજુયે એક સપ્તાહ દરમ્યાન રાજ્યમાં કાતિલ ઠંડી યથાવત રહેશે તેવું હવામાન વિભાગના વૈજ્ઞાનિકોનું કહેવું છે.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસ સ્થિત હવામાન વિભાગના સત્તાવાર સૂત્રો મુજબ અમદાવાદમાં 14 ડિ.સે., ડીસામાં 11 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે., સુરતમાં 16 ડિ.સે., વલસાડમાં 14 ડિ.સે., ભૂજમાં 14 ડિ.સે., નલિયામાં 8 ડિ.સે., કંડલા પોર્ટ 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 12 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 14 ડિ.સે. અને કેશોદમાં 11 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## મંદિરોમાં અનેક ધાર્મિક કાર્યક્રમો થશે

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સુરતમાં મંદિરોમાં પણ રામ ભગવાનની પૂજા, કિર્તન, ભજનના આયોજનો કરવામાં આવ્યા છે. આ દિવસે મંદિરોમાં ખાસ મહાપ્રસાદ પણ ગોઠવવામાં આવ્યો છે. જેનો લાભ ભક્તોને અપાશે.

## ઉજવણી માટે મોટાપાયે ફટાકડાની ખરીદી કરાઈ

પ્રાણપ્રતિષ્ઠાને આતશબાજી સાથે ઉજવી શકાય તે માટે સુરતમાં ફટાકડાની મોટાપાયે ખરીદી કરવામાં આવી છે. ફટાકડાની દુકાનો પર લાઈનો લાગી હતી અને લાખો રૂપિયાના ફટાકડા વેચવામાં આવ્યા છે. તા.22મીના રોજ સુરતના આકાશમાં આતશબાજીનો અનોખો માહોલ સર્જાશે.

## સોસા., મહોલ્લા, એપાર્ટમેન્ટથી માંડીને પુલ, માર્કેટ્ રોશનીથી ઝગમગ થઈ ગયાં

રામલલ્લાના આગમન માટે આખા સુરતને જાણે રોશનીથી સજાવી દેવામાં આવ્યું છે. મહાપાલિકા દ્વારા પુલ સહિતના જાહેર સ્થળો પર રોશની કરવામાં આવી છે, તો સુરતની કાપડ સહિતની અન્ય માર્કેટોને દિવાળીની જેમ રોશનીથી સજાવવામાં આવી છે. ઠેકઠેકાણે સર્કલ, શેરીઓ તેમજ રસ્તાઓની સાથે મંદિરો પર પણ લાઈટિંગ કરવામાં આવી હોવાથી આખું સુરત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પહેલા જ ઝગમગવા લાગ્યું છે.

## શ્રી રામ લખેલા ધ્વજ, ખેસ, ટોપી અને કાપડની ભારે માંગ

સુરત કાપડનું હબ હોવાથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આખા ભારતમાંથી શ્રી રામ લખેલા ધ્વજ, ખેસ, ટોપી અને કાપડની સુરતમાંથી નિકાસ કરવામાં આવી છે પરંતુ ખુદ સુરતમાં પણ આની ભારે માંગ છે. અનેક દુકાનોમાં ધ્વજ, ખેસ, ટોપી અને ભગવા કાપડ ઘટી જવા પામ્યા છે. બીજી તરફ આની ભારે માંગ જોતાં રસ્તાઓ પર હાલમાં તેનું વેચાણ થઈ રહ્યું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### રામલલ્લાની પ્રાણ...

સાથે ભોજનના પણ અનેક આયોજનો કરવામાં આવ્યા છે. સુરતમાં અનેક વેપારી સંગઠનો દ્વારા ડિસ્કાઉન્ટની ઓફરો જાહેર કરવામાં આવી છે. જ્યારે થિયેટરોમાં પણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ કરવાની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. મહોત્સવની ઉજવણી માટે ફટાકડાના પણ ઓર્ડર અપાઈ ગયા છે. કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી રજાની સાથે સાથે શાળા તેમજ ખાનગી ઓફિસોમાં પણ રજાઓ જાહેર કરવાને કારણે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા માટે થનગની રહેલું સુરત આખું રામમય બની જવા પામ્યું છે.

### સૂર્યકિરણ એર...

એર શોને ખૂબ દિલથી માણ્યો છે. ભારતીય વાયુસેનાએ નવયુવાનોને સંરક્ષણ ક્ષેત્રની પ્રગતિનો પરિચય આપીને જાગૃત કરવાનું કાર્ય કર્યું છે. આ કાર્યક્રમમાં સાંસદ મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય અરુણસિંહ રણા, રમેશ મિસ્ત્રી, જિલ્લા વહીવટી તંત્રનો અધિકારીઓ, કર્મચારીઓ તથા ભરૂચ ડિસ્ટ્રિક્ટ મેનેજમેન્ટ એસોસિએશન (BDMA) અધિકારીઓ અને ભરૂચ સિટિઝન કાઉન્સિલ ટ્રસ્ટ (BCC)ના અધિકારીઓ તથા ભરૂચ જિલ્લામાં નવી પેઢીથી લઈને સિનિયર સિટિઝનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### 22મીએ એટલા...

છે પરંતુ રસોઈયા નથી! બીજી તરફ મંડપવાળાઓને પણ એટલા કોન્ટ્રાક્ટ મળ્યા છે કે હવે તા.22મીના અન્ય આયોજનો માટે તેની પાસે સમય નથી. ઢોલવાળાને પણ એટલું બુકિંગ મળ્યું છે તે પણ હવે તા.22મીના કાર્યક્રમ માટે ના પાડી રહ્યા છે.

### સોસા., મહોલ્લા,...

આવ્યા છે. જ્યારે માર્કેટોમાં ભગવાન રામ, સીતા તેમજ લક્ષ્મણની માટીની પ્રતિમાઓ બનાવીને રામદરબાર સજાવવામાં આવ્યો છે.

### થિયેટરો દ્વારા...

સરકારે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે 3 કલાકની ફિલ્મ હોય છે પરંતુ તેમના સરથાણા ખાતે આવેલા રાજ ઈમ્પિરિયલ થિયેટરમાં સવારે 11થી જ્યાં સુધી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ચાલે ત્યાં સુધી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

### 22મીએ પ્રાણ...

તારીખે પ્રાણપ્રતિષ્ઠા હોવાથી કેટલીક દુકાનો દ્વારા 22 ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત પણ કરાઈ છે.

### તા.22મીએ...

પ્રાપ્ત વિગતો મુજબ સરકારી કચેરીઓ બાદ સરકારી શાળાઓમાં 22મી તારીખે અડધા દિવસની રજાની જાહેરાત કરવામાં આવી છે. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે. જાહેર કરાયેલ નોટિસ મુજબ બપોરે 2:30 વાગ્યા સુધી શાળાઓમાં રજાની જાહેરાત કરાઇ છે. તેમજ આ મામલે તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને પત્ર મોકલવામાં આવ્યો હતો.

### વડોદરા હરણી...

ગતિમાન કર્યા છે. હરણી લેકઝોન ખાતે પિકનિક માટે વાઘોડિયા રોડ પર આવેલી ન્યુ સનરાઈઝર્સ સ્કૂલમાંથી 81 જેટલા બાળકોને લવાયા હતા. જેમાં 25 બાળકો અને 4 શિક્ષિકાઓને બોટ એપરેટર દ્વારા બોટમાં બેસાડ્યા હતા. બોટમાં 14ની ક્ષમતા હોવા છતાં બોટ ઓપરેટરે રુપિયા કમાઈ લેવાની લાલચમાં ઓવરલોડ લોકોને બેસાડીને બોટ ચલાવી મુકી હતી. જેના કારણે સંતુલન નહી રહેતાં બોટ પલટી ખાઇ ગઈ હતી. જેમાં 2 શિક્ષિકાઓ તથા 12 બાળકોના ડૂબી જવાના કારણે મોત નિપજ્યા હતા.

પોલીસ દ્વારા મેસર્સ કોટિયા પ્રોજેક્ટના 14 જેટલા ભાગીદારી સહિત 17 લોકો સામે ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓની પૂછપરછ કરતા દિવસ દરમિયાન લેકઝોન ખાતે કેટલા લોકો પ્રવાસ આવ્યા હતા, જેમાં નાના કેટલા મોટા કેટલા ઉપરાંત સવારથી સાંજ સુધીના હિસાબની સંપૂર્ણ વિગત મુખ્ય કોન્ટ્રાક્ટર પરેશ શાહ તથા પેટા કોન્ટ્રાક્ટર નિલેશ જૈનને મોકલવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. જેથી પોલીસે એફઆઈઆરમાં ફરાર કોન્ટ્રાક્ટર પરેશ શાહ તથા પેટા કોન્ટ્રાક્ટર નિલેશ જૈન સામે ગુનો દાખલ કર્યો છે. તેઓ ફરાર હોય તેમને પકડવા માટે પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવી તેમની શોધખોળ કરાઈ રહી છે.

### આડેધડ બેરિકેટ...

ઉધનાના ધારાસભ્ય મનુ પટેલએ મેટ્રો રેલ કંપની સામે ભારે રોષ પ્રગટ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે મેટ્રો રેલ પ્રોજેક્ટ લોન્ચ થયાને લાંબો સમય થયો છે. કંપનીના સત્તાવાળાઓ શહેરીજનોની વેદનાને સમજતા નથી. શહેરમાં મેટ્રોની કામગીરી શરૂ ન થઈ હોય તેવી જગ્યાએ પણ બેરીકેટ લગાડી રસ્તા સાંકડા કરી નાંખે છે, જેને લઈને પીકઅર્વસમાં ટ્રાફિકજામ રહે છે. શહેરના કેટલાંક વિસ્તારોમાં તો મેટ્રોને લીધે લોકોને ફરી ફરીને ગલી-ખાંચામાંથી વાહનો કાઢવા પડે છે. જ્યારે કેટલાક સ્થળે તો આખા રૂટ બંધ જેવા થઈ ગયા છે. વિધાયક મનુ પટેલની રજૂઆતો બાદ કલેક્ટર આયુષ ઓકએ મેટ્રો રેલ કંપનીના અધિકારીઓને તાકીદ કરી છે કે બિનજરૂરી બેરીકેટ ન લગાડો. જ્યાં જેમ જરૂર પડે તેમ બેરીકટે લગાડો. વળી ખાનગી જમીન સંપાદનમાં લીધી હોય તેવા કિસ્સામાં બેરીકેટ લગાડી દેવા હિતાવહ છે. કેમ કે પાછળથી કબ્જાની માથાકૂટ થઈ શકે છે. પરંતુ તેની સામે સરકારી જમીન હોય તો ત્યાં જરૂર પડે ત્યાં જ બેરીકેટ લગાડવા સૂચનાઓ આપવામાં આવી છે.

### સાંકડા અને...

છે. તેમણે કહ્યું હતું કે શહેરમાં ભારે વાહનોને લીધે અનેક અકસ્માતો થાય છે. અનેક નિર્દોષ લોકો કાળનો કોળિયો બની જાય છે. તેવા સંજોગોમાં મેટ્રો સિટીમાં જેવી રીતે ભારે વાહનોના પ્રવેશબંધી અંગે નિયમો બનાવ્યા છે, તેવા નિયમો સુરતમાં પણ અમલી બનાવવા જોઈએ.

### સચીનને ગટર...

વ્યવસ્થા મળી રહે તે માટે મનપા સઘન પ્રયાસ કરી રહી છે. પરંતુ સચિન આડે આવતા નેશનલ હાઇવે નંબર-48 ઉપર કેટલેક ઠેકાણે હાઇવે નીચેથી લાઇનો પસાર કરવી પડે છે. આ માટે હાઇવે ઓથોરિટી તંત્રને રમાડે છે. જેને લઇને ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઇએ રોષ વ્યક્ત કરી હાઇવે ઓથોરિટી વહેલી તકે પરવાનગીઓ આપે એવી માંગણી કરી હતી.

## અમરોલીમાં ચાર વર્ષનો બાળક બીજા માળના દાદર પરથી પડતા મોત

સુરતઃ અમરોલીની જલારામનગર સોસાયટીમાં રહેતા અને ગ્રાફિક ડિઝાઈનર તરીકે કામ કરતા ડિઝાઈનરનો 4 વર્ષનો પુત્ર બીજા માળના દાદર પરથી નીચે પડતા તેને ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં 7 દિવસની સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું. અમરોલી ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે આવેલા જલારામનગર સોસાયટી ખાતે રહેતાં જીગ્નેશભાઈ બહેરા વરાછાની એક કંપનીમાં ગ્રાફિક ડિઝાઈનર તરીકેની નોકરી કરીને પત્ની સહિત એક પુત્રનું ભરણપોષણ કરી રહ્યા હતા. પુત્ર ચાર વર્ષિય રુદ્ર 13 જાન્યુઆરીના સાંજના સમયે પોતાના ઘરે બીજા માળથી રમતા-રમતા નીચે પટકાયો હતો. તે ખુલ્લી જગ્યામાં પડતા તેને ગંભીર ઈજા થઈ હતી. તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં 7 દિવસની સારવાર બાદ ગતરોજ તેનું મોત નિપજ્યું હતું.